ઘોઘાના અપ્રકટ જૈન પ્રતિમાલેખો*

કાંતિલાલ ફૂલચંદ સોમપુરા
નવનીતલાલ આનંદીલાલ આચાર્ય

ઘોઘા ખંભાતના અખાતના પશ્ચિમ કિનારે આવેલું પ્રાચીન બંદર છે. ભાવનગર વસ્યું એ પહેલાંનું એ છે. ભાવનગરથી તે ૨૨.૪ કિ૦ મી૦ દૂર આવેલું છે. પ્રાચીન સમયથી જ ઘોઘામાં જૈનોની વસતિ સારા પ્રમાણમાં હતી. જૈનોની પ્રાચીન જાહોજલાલીના પ્રતીકરૂપ ત્રણ વિશાળ જૈન મંદિરો—નવખંડા પાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ તથા જીરાવાલા પાર્શ્વનાથ—ત્યાં આવેલાં છે. તેમાં નવખંડ પાર્શ્વનાથનું મંદિર સુવિખ્યાત છે. તેના વિશાળ પ્રાંગણમાં નેમિનાથ, સમવસરણ, સુવિધિનાથ તથા શાંતિનાથનાં મંદિરો આવેલાં છે.

આ લેખોમાંની વિગતોની તારવણી કરી તીર્થંકરોનાં, સૂરિઓનાં, ગચ્છોનાં, જ્ઞાતિઓ અને અટકોનાં, સ્થળોનાં તથા સ્ત્રીપુરુષોનાં નામની સૂચિઓ લેખમાં આપેલી છે. તે ઉપરથી ઈસુની ૧૩મી સદીમાં ઘોઘાના જૈન સમાજના પ્રવર્તમાન ગચ્છો, જ્ઞાતિઓ, અટકો વિશે માહિતી મળી શકે છે. વળી, આ સમયથી જ બહુધા પ્રથમ તીર્થંકર આદિનાથ પ્રત્યેનો સવિશેષ ભાવ પણ પ્રકટ થતો વરતાય છે. ગુજરાતમાં મુખ્યત્વે આદિનાથ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર પ્રત્યે સવિશેષ ભક્તિભાવ પહેલેથી જ હોવાનું આ લેખો પરથી સૂચિત થાય છે. વળી, ઘણાખરા લેખોમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરાવનાર સૂરિનું નામ છે, જે તેમનો સમયનિર્ણય કરવામાં ખૂબ જ ઉપયોગી થઈ પડે છે. લેખોના સમય દરમ્યાન

* ‘ઘોઘાનો જૈન પ્રતિમાનિધિ’ એ શીર્ષક નીચે શ્રી મધુસૂદન ઢાંકી તથા શ્રી હરિશંકર પ્ર૦ શાસ્ત્રીએ એક ટૂંકો પરિચયલેખ પ્રકટ કર્યો હતો (ફાર્બસ ગુજરાતી ત્રૈમાસિક, જાન્યુ૦-માર્ચ ૧૯૬૫). ઘોઘાની ઉપર્યુક્ત પ્રતિમાઓ પર ઉત્કીર્ણ લેખોની વાચના અમને શ્રી ઢાંકીએ મોકલી આપી છે તે માટે અમે શ્રી ઢાંકી તેમ જ ગુજરાત સરકારના પુરાતત્ત્વ ખાતાના ઋણી છીએ. પ્રસ્તુત લેખોમાં ઉપર્યુક્ત પ્રતિમાલેખોના આધારે ઉપલબ્ધ વિસ્તૃત માહિતી રજૂ કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘોઘાના જૈન સમાજમાં શ્રીમાલી અને મોઢ જ્ઞાતિનાં પ્રાબલ્ય અને વૃદ્ધિ હશે તેમ લાગે છે. સ્થળનામમાં એક જ નામ ‘ વિઘ્નરાજપુર ’નો ઉલ્લેખ મળ્યો છે, પણ આ સ્થળ ઓળખાતું નથી.

પ્રસ્તુત અઢાર પ્રતિમાલેખો નીચે પ્રમાણે છે :

(૧) સંવત ૧૨૭૬ વર્ષે શ્રી બ(મ્હા)ણગચ્છે માઘ વદિ ૯.

(૨) સંવત ૧૨૭૯ વર્ષે જ્યેષ્ઠ વદિ ૩ શ્રી વાયટીયગચ્છે શ્રી જિનદત્તસૂરિસંતાને વિઘ્નરાજપુર વીલૂણ(ત) માતૃ૦ રાજૂ શ્રેયોડર્થં શ્રી આદિનાથ કારિતઃ ।

(૩) સંવત ૧૨૯૬ મોઢ જ્ઞાતીય જાલ્યોધરગચ્છીય રાજસીહેન(પિ) નાગપાલ રાણુ શ્રેયોડર્થં નેમિનાથ બિંબં કારિતં ॥ પ્રતિષ્ઠતં જાલ્યોધરગચ્છે દેવસૂરિશિષ્યે શ્રી હરિભદ્રસૂરિભિઃ ।

(૪) સંવત ૧૨૯૬ માઘ સુદિ ૧૧ શ્રીમાલજ્ઞાતીય શ્રે૦ પાસેડનસુતા વાવિણિ શ્રેયોડર્થં શ્રી રિષભદેવ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં શ્રી રત્ન(વ્ર)તસૂરિભિઃ ।

(૫) સંવત ૧૨૯૭ વર્ષે ચૈત્ર વદિ ૫ ભોમ મહા૦ કાકલ......સીવસીહ સહિતેન પિતૃ......બિ...... કારિતં પ્રતિષ્ઠિતં શ્રી દેવસૂરિશિષ્યેઃ પ્ર......સૂરિભિઃ ।

(૬) સંવત ૧૨૯૮ વર્ષે વૈશાખ સુદિ ૪ શનૌ શ્રે૦ દેકુપુત્રી માદકારણ (પિ) તં । શ્રી દેવ મહાવીર...... બિંબં વાયડગચ્છે પ્રતિષ્ઠિતં શ્રી જીવદેવસૂરિભિઃ ॥

(૭) સંવત ૧૩૦૫ આષાઢ સુદિ ૧૦ શ્રી ઋષભનાથ પ્રતિમા શ્રી જિન...તિ સૂરિ શિષ્યૈઃ શ્રી જિનેસર સૂરિભિઃ પ્રતિષ્ઠિતા । સા......શ્રાવકેણ કારિતાઃ ॥

(૮) સંવત ૧૩૦૫ અષાઢ સુદિ ૧૦ શ્રી ઋષભનાથ પ્રતિમા શ્રી જિન...તિસૂરિશિષ્ય શ્રી જિનસરસૂરિભિઃ પ્રતિષ્ઠિતા સા......(લૌ) લૂ શ્રી વકણકારિતા ॥

(૯) સંવત ૧૩૧૧ શ્રી શ્રીમાલીય શ્રે૦ જયતાસુત આસલેન સ્વભાર્યા માતૃરાદેવિ શ્રેયોડર્થં બિંબં કારિતઃ પ્રતિષ્ઠિતં શ્રી (સો)મચંદ્ર સૂરિભિઃ ॥

(૧૦) સંવત ૧૩૨૯ વૈ૦ વ૦ ૯ શુક્રે પિતૃ સાંગા માતૃ શ્રી લૂણદેવિ શ્રેયસે રવીભા ભીમાભ્યાં શ્રી આદિનાથ બિંબં કારિતં શ્રી બ્રહદ્ગચ્છીય શ્રી ગુણાકર સુરિભિઃ પ્રતિષ્ઠિતં ॥

(૧૧) સંવત ૧૩૩૩ વૈશાખ વદિ ૫ શ્રીમાલ જ્ઞાતીય શ્રે૦ સાંગણ સિંગારદેવિ શ્રેયોડર્થં સુત નરસિંહેન શ્રી મહાવીર બિંબં કારિતં શ્રી હેમતિલકસૂરિણાં ઉપદેશેન ॥

(૧૨) સંવત ૧૩૩૪ વૈશાખ સુદિ ૪ સુતેન ઠ૦ ઉક્ષણાકેનાકષા......ન હુવંજના શ્રેયસે શ્રી આદિનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં કનાપલ્લીય શ્રી નરભદ્રસૂરિભ ॥

(૧૩) સંવત ૧૩૩૪......૫ શનૌ શ્રે૦ કુજલ સુ૦ પાસદેવ સુ૦ વીરપાલ......ના રતના જયતા વીરપાલ સુ૦ પદમસીંહેનભાર્યા પદ્મવતિ પાલ્હણદેવિ......પ્ર...... (ચં) દેવ શ્રી પારસ્વનાથ બિંબં કારાપિતઃ ॥

(૧૪) સંવત ૧૩૩૭ વર્ષે વૈશાખ સુદિ ૨ સોમે શ્રી શ્રીમાલ જ્ઞાતીય શ્રે......શ્રેય......તનયરસિંહ શ્રી પાર્થસુત વીરમેન દેવ શ્રી શાંતિનાથ બિંબં કારાપિતઃ ॥

(૧૫) વિ૦ સં૦ ૧૩૪૧ જ્યેષ્ઠ સુદિ ૧૫ લઘુભ્રાતૃ ધનપાલ શ્રેયોડર્થં વિજયસિંહેન શ્રી નેમિનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં ॥

(૧૬) સંવત ૧૩૪૪ વર્ષે જ્યેષ્ઠ સુ૦ ૧૦ બુધે લખમસીહેન સહજા ભાર્યા સહજલદેવિ શ્રેયાડર્થં શ્રી પાર્શ્વનાથ બિંબં કારિતં ॥

(૧૭) સંવત ૧૩૪૬ ચૈત્ર સુદિ ૧ ભૌમે પિતૃ સમરસિંહ બૃહદ્‌ભ્રાતૃ સોહડ શ્રેયસે શ્રે૦ રત્નેન શ્રી શાંતિનાથ કારિત પ્રતિષ્ઠિતઃ શ્રી યશોભદ્રસૂરિશિષ્યેઃ શ્રી વિબુધપ્રભસૂરિભિઃ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૮) સંવત ૧૩૫૯......મોઢ જ્ઞાતીય ઠ૦ દેદાકેન માતૃ હીરલ પુણ્યાય બિંબં કારિતં પ્રતિ૦ શ્રી જાલ્યોધરગચ્છે શ્રી હરિપ્રભસૂરિભિઃ ॥

આ અઢાર લેખો(૧–૧૮)નો સમયપટ સં૦ ૧૨૭૬(ઈ૦ સ૦ ૧૨૨૦)થી સં૦ ૧૩૫૯ (ઈ૦ સ૦ ૧૩૦૩) એટલે કે ૮૩ વર્ષનો છે. આ સમયે ગુજરાતની ગાદી પર સોલંકી રાજાઓ ભીમદેવ બીજો (લવણપ્રસાદની મદદ દ્વારા પુનઃ સત્તાપ્રાપ્તિનો સમય ઈ૦ સ૦ ૧૨૨૫–૧૨૪૨), ત્રિભુવનપાલ (ઈ૦ સ૦ ૧૨૪૨–૧૨૪૪) અને વાઘેલા—સોલંકી વંશના રાજવીઓ હતા. આમ આ સમય દરમ્યાન સોલંકીની મુખ્ય શાખાનો અંત અને ઉપશાખા વાઘેલા–સોલંકીનો ઉદય તેમ જ અસ્ત જોવામાં આવે છે.

આ બધા લેખો અનુક્રમે (૧) સં૦ ૧૨૭૬ (ઈ૦ સ૦ ૧૨૨૦); (૨) સં૦ ૧૨૭૯ (ઈ૦ સ૦ ૧૨૨૩); (૩–૪) સં૦ ૧૨૯૬ (ઈ૦ સ૦ ૧૨૪૦); (૫) સં૦ ૧૨૯૭ (ઈ૦ સ૦ ૧૨૪૩); (૬) સં૦ ૧૨૯૮ (ઈ૦ સ૦ ૧૨૪૪); (૭–૮) સં૦ ૧૩૦૫ (ઈ૦ સ૦ ૧૨૪૯); (૯) સં૦ ૧૩૧૧ (ઈ૦ સ૦ ૧૨૫૫); (૧૦) સં૦ ૧૩૨૯ (ઈ૦ સ૦ ૧૨૭૩); (૧૧) સં૦ ૧૩૩૩ (ઈ૦ સ૦ ૧૨૭૭); (૧૨–૧૩) સં૦ ૧૩૩૪ (ઈ૦ સ૦ ૧૨૭૮); (૧૪) સં૦ ૧૩૩૭ (ઈ૦ સ૦ ૧૨૮૧); (૧૫) સં૦ ૧૩૪૧ (ઈ૦ સ૦ ૧૨૮૫); (૧૬) સં૦ ૧૩૪૪ (ઈ૦ સ૦ ૧૨૮૮); (૧૭) સં૦ ૧૩૪૬ (ઈ૦ સ૦ ૧૨૯૦); અને (૧૮) સં૦ ૧૩૫૯ (ઈ૦ સ૦ ૧૩૦૩)ના છે.

આ લેખો પૈકીના બે લેખ (૩–૪) સં૦ ૧૨૯૬ (ઈ૦ સ૦ ૧૨૪૦)ના છે. તે પૈકી એક લેખ–(૩)માં મિતિ કે વાર આપેલ નથી; તો બીજા લેખમાં મિતિ આપી છે પણ વારનો ઉલ્લેખ નથી. બીજા બે લેખ (૭–૮) સં૦ ૧૩૦૫ (ઈ૦ સ૦ ૧૨૪૯)ના છે. બંનેમાં મિતિનો ઉલ્લેખ કર્યો છે, પણ વારનો નિર્દેશ નથી. સં૦ ૧૩૩૪(ઈ૦ સ૦ ૧૨૭૮)ના પણ બે લેખો છે (૧૨–૧૩). તે પૈકી એક લેખ(નં૦ ૧૨)માં મિતિનો ઉલ્લેખ કર્યો છે, પણ ઘસારાના કારણે વાર વંચાતો નથી. બીજા લેખ–(નં૦ ૧૩)માં તિથિ અને વારનો ઉલ્લેખ સ્પષ્ટ વંચાય છે, પણ માસ–પખવાડિયાના અક્ષરો ઘસાઈ ગયા હોવાને કારણે વાંચી શકાતા નથી.

આ અઢાર લેખો પૈકી ત્રણ લેખો(નં૦ ૩, ૯ અને ૧૮)માં માત્ર સાલનો જ નિર્દેશ કર્યો છે અને મિતિ, વારની વિગત મળતી નથી. વળી છ લેખો(નં૦ ૫, ૬, ૧૦, ૧૩, ૧૪, ૧૭)માં અનુક્રમે ભોમ (મંગળ), શનિ, શુક્ર, શનિ, સોમ, ભોમ(મંગળ)વારનો ઉલ્લેખ કર્યો છે. બાકીના લેખોમાં વારનો નિર્દેશ કર્યો નથી. આ અઢાર લેખો પૈકીના નં૦ ૧ અને ૪માં માઘ માસનો અને નં૦ ૫ અને ૧૭માં ચૈત્રનો; નં૦ ૬, ૧૦, ૧૧, ૧૨ અને ૧૪માં વૈશાખનો, નં૦ ૨, ૧૫ અને ૧૬માં જ્યેષ્ઠ(જેઠ)નો અને નં૦ ૧ તથા ૮માં અષાઢ માસનો ઉલ્લેખ કર્યો છે.

આ સર્વ લેખોનું લખાણ સુવાચ્ય અને સ્પષ્ટ છે. તેમ છતાં ઘસારાને કારણ કેટલાક લેખોની વિગતો ભૂંસાઈ ગઈ છે. દા૦ ત૦, નં૦ ૫ના લેખમાં પિતૃ......પછીના અક્ષરોમાં પ્રતિમાના નામનો ઉલ્લેખ ઘસાઈ ગયો લાગે છે. લેખ નં૦ ૭માં બિંબ ભરાવનાર વ્યક્તિનું નામ ઘસાઈ ગયું છે. લેખ નં૦ ૮માં જેમની પ્રેરણાથી ઋષભનાથની પ્રતિમા ભરાવી છે તે જિનસરસૂરિના શિષ્ય સૂરિનું નામ તથા પ્રતિમા ભરાવનાર વ્યક્તિનું નામ ઘસાઈ ગયેલ છે. લેખ નં૦ ૧૨માં વાર ભૂંસાઈ ગયો છે તે સાથે જેના શ્રેયાર્થે આદિનાથનું બિંબ ભરાયું છે તે વ્યક્તિનું નામ ઘસાઈ ગયું છે. લેખ નં૦ ૧૩માં માસ, પક્ષ અને અંતિમ પંક્તિના કેટલાક અક્ષરો ઘસાઈ ગયા છે. નં૦ ૧ના લેખમાં સંવત અને ગચ્છના ઉલ્લેખ સિવાય બીજી કોઈ વિગત નોંધાઈ નથી. આથી બાકીનું લખાણ સંભવતઃ ભૂંસાઈ ગયું હશે તેવું અનુમાન થાય છે. લેખ નં૦ ૫, ૯ તથા ૧૮માં તીર્થંકરોનાં નામનો ઉલ્લેખ ન કરતાં માત્ર બિંબ ભરાવ્યાનો જ નિર્દેશ કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂચિ

(જમણી બાજુએ લખેલો અંક જે તે પ્રતિમાલેખનો નંબર સૂચવે છે.)

તીર્થંકરોનાં નામ[૧]

આદિનાથ (ઋષભદેવ)	(૧)	૨, ૪, ૭, ૮, ૧૦, ૧૨
શાંતિનાથ	(૧૬)	૧૪, ૧૭
નેમિનાથ	(૨૨)	૩, ૧૫
પાર્શ્વનાથ	(૨૩)	૧૩, ૧૬
મહાવીર	(૨૪)	૬, ૧૧

સૂરિઓનાં નામ[૨]

ગુણાકરસૂરિ[૩]	(બૃહદ્ગચ્છ)	૧૦
જિનદત્તસૂરિ[૪]	(વાયટીયગચ્છ)	૨
જિન...તિસૂરિ[૫]		૭–૮
જિનેસરસૂરિ[૫]		૭–૮
જીવદેવસૂરિ[૬]	(વાયડગચ્છ)	૬
દેવસૂરિ[૭]	(જાલ્યોધરગચ્છ)	૩, ૫
નરભદ્રસૂરિ		૧૧
પ્ર......(ધં) દેવ (?)		૧૩

૧ અઢાર પ્રતિમાઓ પૈકીની ચૌદ પ્રતિમાઓ પર તીર્થંકરોનાં નામનો ઉલ્લેખ કર્યો છે અને તે પૈકીની છ પ્રતિમાઓ આદિનાથ અને બાકીની આઠ પ્રતિમાઓ પૈકી શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર એ દરેક તીર્થંકરની બબ્બે પ્રતિમાઓ હોવાનું આ લેખ પરથી સૂચવાય છે.

૨ પ્રતિમાલેખ નં૦ ૫ અને ૧૩માં સૂરિનું નામ ઘસાઈ ગયું હોય તેમ લાગે છે, જ્યારે લેખ નં૦ ૧૪, ૧૫, ૧૬માં સૂરિના નામનો ઉલ્લેખ નથી.

૩ આ એ જ સૂરિ લાગે છે કે જેમણે સંવત ૧૨૯૬માં નાગાર્જુનકૃત 'યોગરત્નમાલા' પર વૃત્તિ રચી હોવાનું નોંધાયું છે. (મો૦ દ૦ દેસાઈકૃત જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ૦ ૩૯૭, પરિચ્છેદ ૫૭૧.)

૪ શ્રી જિનદત્તસૂરિ સં૦ ૧૨૬૫માં વાયટ (વાયડ) ગામમાં થયા. તેમણે 'વિવેકવિલાસ' નામનો ગ્રંથ રચ્યો છે. તેઓ વસ્તુપાલની સાથે શત્રુંજયની યાત્રાએ ગયેલા સૂરિઓ પૈકીના એક હતા એમ સુકૃતસંકીર્તનમાં જણાવ્યું છે. જીવદેવસૂરિ તેમના શિષ્ય હતા (જૈ૦ સા૦ સં૦ ઇ૦ પૃ૦ ૩૪૧, પરિ૦ ૪૯૬). જીવદેવસૂરિનો ઉલ્લેખ અહીં લેખ નં૦ ૬માં થયેલો છે.

૫ અહીં સૂરિના નામમાં એક અક્ષર ઘસાઈ ગયો છે, પરંતુ આ જ લેખમાં તે સૂરિના શિષ્યનું નામ જિનેસરસૂરિ હોવાનું નોંધાયું છે તે પરથી અનુમાન થાય છે કે આ સૂરિ જિનેસરસૂરિ(જિનેશ્વર)ના ગુરુ ખરતરગચ્છના જિનપતિસૂરિ હોવા જોઈએ. આ સૂરિએ શ્રેષ્ઠિ નેમિચંદ્ર ભાંડાગારિકને જૈનધર્મી બનાવ્યા હતા. આ શ્રેષ્ઠિના પુત્રે સં૦ ૧૨૫૫માં તેમની પાસે દીક્ષા લઈ તેમના પટ્ટધર શિષ્ય જિનેશ્વરસૂરિ નામે પ્રસિદ્ધ થયા (જૈ૦ સા૦ સં૦ ઇ૦ પૃ૦ ૩૪૦, પરિ૦ ૪૯૩).

૬ જુઓ ટિપ્પણ નં૦ ૩. જીવદેવસૂરિ યોગવિદ્યાના ભારે જાણકાર હતા (જૈ૦ સા૦ સં૦ ઇ૦, પૃ૦ ૩૪૧, પરિ૦ ૪૯૬).

૭ આ સૂરિએ પ્રાકૃતમાં 'પદ્મપ્રભચરિત' રચ્યું હતું. તેની એક હસ્તપ્રત છાણીમાં પ્રવર્તક કાંતિવિજયજી પુસ્તક-ભંડારમાં છે (જૈ૦ સા૦ સં૦ ઇ૦, પૃ૦ ૩૪૦, પરિ૦ ૪૯૬).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર......(સૂરિ)	૫
યશોભદ્રસૂરિ	૧૭
રત્ન(વ)તસૂરિ	૪
વિબુધપ્રભસૂરિ[૮]	૧૭
(સો)મચંદ્રસૂરિ[૯]	૯
હરિપ્રભસૂરિ (જાલ્યોધરગચ્છ)	૧૮
હરિભદ્રસૂરિ (જાલ્યોધરગચ્છ)	૩
હેમતિલકસૂરિ	૧૧

ગચ્છોનાં નામ

(૧)	કનાપલ્લીય	૧૨
(૨)	જાલ્યોધર	૩, ૧૮
(૩)	બૃહદ્	૧૦
(૪)	બ્રહ્માણ	૧
(૫)	વાયટીય કે વાયટ	૨, ૬

જ્ઞાતિઓ[૧૦] અને અટકો[૧૧]નાં નામ

૧	ઠ૦ (ઠક્કર) (અટક)	૧૨, ૧૮
૨	મોઢ (જ્ઞાતિ)	૩, ૧૮
૩	રાણુ (અટક)	૩
૪	શ્રાવક (જ્ઞાતિ)	૭
૫	શ્રીમાલ—લી (જ્ઞાતિ)	૪, ૯, ૧૧, ૧૪

૮ ચંદ્રગચ્છમાં વિબુધપ્રભસૂરિ નામના સૂરિ થઈ ગયા છે. તેમના એક શિષ્ય પદ્મપ્રભસૂરિએ મુનિસુવ્રતચરિત (પિટર્સન હસ્તપ્રતોનો રિપોર્ટ નં૦ ૩ (૧૮૮૪–૮૬), નં૦ ૩૦૨ અને કુંથુચરિત (જેની સં૦ ૧૩૦૪ની હસ્તપ્રત જેસલમેરના ભંડારમાં છે) રચ્યાં હતાં (જૈ૦ સા૦ સં૦ ઇ૦, પૃ૦ ૩૯૬, પરિ૦ ૫૬૯). આ લેખના વિબુધસૂરિ ઉપર્યુક્ત ચંદ્રપ્રભસૂરિના ગુરુ હોવાનું અનુમાન છે.

૯ આ લેખના (સો)મચંદ્રસૂરિ પ્રસિદ્ધ વાદિદેવસૂરિના શિષ્ય જયમંગલસૂરિના શિષ્ય હોવાનું અમારું અનુમાન છે. સોમચંદ્રસૂરિએ સં૦ ૧૩૨૯માં વૃત્તરત્નાકર નામના છંદના ગ્રંથ પર ટીકા લખી હતી.

૧૦ લેખોમાં મોઢ અને શ્રીમાલ–લીનો જ્ઞાતિઓ તરીકે ઉલ્લેખ થયો છે. આ બંને જ્ઞાતિઓ તેના મૂળ ઉદ્‌ભવસ્થાન—પ્રદેશ સાથે સંકળાયેલી છે. આ બંને જ્ઞાતિઓ ગુજરાતમાં જૈન તેમ જ જૈનેતર સમાજ સાથે સંકળાયેલી છે, પરંતુ જૈનેતર સમાજમાં મોઢ અને શ્રીમાલી જ્ઞાતિ બ્રાહ્મણ અને વૈષ્ણવ વાણિયાઓમાં જેમ પ્રચલિત છે તેમ જૈન સમાજમાં પણ તે જૈન વાણિયાના વર્ગ સાથે સંકળાયેલી છે. લેખોમાં નિરૂપિત ઠક્કર અને સાહ (શાહ) અટક વ્યાપારીવર્ગની સૂચક છે.

૧૧ પ્રસ્તુત ધાતુ પ્રતિમાલેખોમાં આવતી શ્રે૦ (શ્રેષ્ઠી), મહા૦ (મહાજન), સા (શાહ) વગેરે અટકો ઔપચારિક હોવાથી તેમનો સમાવેશ આ સૂચિમાં કર્યો નથી.

'શ્રેષ્ઠી' શબ્દ ગુપ્તોના અભિલેખોમાં ગામના શ્રીમંત વેપારીવર્ગ માટે પ્રયોજાયેલો જોવા મળે છે. તેઓ વેપાર ઉપરાંત નાણાં ધીરધારનો ધંધો પણ કરતા હતા. આ પ્રણાલિકાને અનુસરતી વ્યક્તિ માટે 'શ્રેષ્ઠી' શબ્દ ભારતમાં લાંબા સમયથી પ્રચલિત છે. એનું હાલનું રૂપાંતર 'શેઠ' શબ્દમાં મળે છે.

મહા૦ એ 'મહાજન', 'મહામાત્ય', 'મહત્તર' વગેરેનું સંક્ષેપ સંભવે છે. લેખ નં૦ ૫માંનો ઉલ્લેખ જો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થળોનાં નામ

વિગ્નરાજપુર ૨

સ્ત્રીપુરુષોનાં નામ

સ્ત્રીઓનાં નામ

પદ્મવતિ	૧૩	વાવિણિ	૪
પાલ્હણદેવી	૧૩	સહજલદેવી	૧૬
માતૃરાદેવી	૯	સિંગારદેવિ	૧૧
માદકારણ	૬	હીરલ	૧૮
રાજૂ	૨	હુવંજના	૧૨
લૂણદેવિ	૧૦		

પુરુષોનાં નામ

આસલ	૯	રત્ન	૧૭
ઉક્ષણાક	૧૨	રતના	૧૩
કાકલ	૫	રવીભા	૧૦
કુંજલ	૧૩	રાજસીહ	૩
જયતા	૯, ૧૩	લખમસીહ	૧૬
દેકુ	૬	વકણ	૮
દેદાક	૧૮	વિજયસિંહ	૧૫
ધનપાલ	૧૫	વીરપાલ	૧૩
નયરસિંહ	૧૪	વીરમ	૧૪
નરસિંહ	૧૧	વીલૂણ (ત)	૨
નાગપાલ	૩	સમરસિંહ	૧૭
પદ્મસિંહ	૧૩	સાંગણ	૧૧
પાર્થ	૧૪	સાંગા	૧૦
પાસડ	૪	સીવસીહ	૫
પાસદેવ	૧૩	સોહડ	૧૭
ભીમાભા	૧૦		

'મહામાત્ય'ના અર્થમાં ઘટાવવામાં આવે તો મહામાત્ય 'કાકલ' કોણ અને આ સમયના ઇતિહાસમાં તેનું કેવું અને કેટલું મહત્ત્વ વગેરે પ્રશ્નો ઉપસ્થિત થાય તેમ છે.

'ઠક્કર' શબ્દ ચૌલુક્ય સમયના અભિલેખોમાં ગુજરાતમાં સર્વપ્રથમ દૃગ્ગોચર થાય છે. 'ઠકકુર' શબ્દ સ્પષ્ટતઃ ગામના મુખી કે જાગીરદારની સાથે વપરાતો હતો. શરૂઆતમાં તે નાના અને ગૌણ વર્ગના સ્થાનિક અધિકારી માટે વપરાતો હોવાનું માલૂમ પડે છે. ગુજરાતમાં હાલમાં લુહાણા અને ભાટિયા કોમ માટે તે સર્વમાન્ય અટક થઈ પડી હોય તેમ લાગે છે. ઠકકુર, ઠક્કરમાંનો 'ઠક્ક' શબ્દ પ્રાકૃત છે અને તે વેપારીના અર્થમાં પ્રયોજાતો. આ અર્થમાં તે ઈસુની પહેલી સદીના એક અભિલેખમાં ઉલ્લેખાયેલ છે (મોનિયર વિલિયમ્સ 'સંસ્કૃત કોશ', પૃ૦ ૪૩૦).

'રાણુ '(લેખ નં૦ ૩)ની અટક સંસ્કૃત 'રાણક'માંથી ઉદ્દભવેલી લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ધાતુ પ્રતિમાલેખોમાં મધ્યકાલીન ગુજરાતના વણિક વર્ગની વ્યક્તિઓનાં જે નામો મળે છે, તેનાં વર્ગીકરણો પરથી સ્પષ્ટ થાય છે કે સ્ત્રીપુરુષોનાં ઘણાં સંસ્કૃત નામો મિશ્ર-સંસ્કૃત (Non-Sanskrit)-માં રૂપાંતર પામ્યા છે. વળી, તેમાંનાં કેટલાંક પ્રાકૃતમાંથી ઊતરી આવેલાં જણાય છે, તો કેટલાક વિકૃત થયાં છે. સામાન્યતઃ આપણે આ નામોને ચાર વિભાગમાં વહેંચી શકીએ : (૧) શુદ્ધ સંસ્કૃત, (૨) અર્ધ કે મિશ્ર સંસ્કૃત, (૩) શુદ્ધ પ્રાકૃત, (૪) અર્ધ કે મિશ્ર પ્રાકૃત.

નાગપાલ, નરસિંહ, વીરપાલ, પદ્મસિંહ, ધનપાલ, પાર્શ્વ, અમરસિંહ, રત્નવિજયસિંહ, પદ્મવતી વગેરે નામો શુદ્ધ સંસ્કૃતરૂપે વપરાતાં જોવા મળે છે; તો રાજસીહ, સીવસીહ, જયતા, રવીભા, ભીમાભા, રતના, વીરમ, નયરસિંહ, લખમસિંહ, રાજૂ, લણદેવી, માતૃરાદેવી, સિંગારદેવિ વગેરે મિશ્ર કે અર્ધસંસ્કૃતરૂપ ધારણ કરે છે. વીલૂણ, પાસડ, કાકલ, દેકુ, વકણુ, આસલ, સાંગા, સાંગણ, હુંવજના (?), કુજલ, પાસદેવ, સોહડ, દેદાક, વાવિણિ, માદકરણ, પાલ્હણદેવી, સહજલદેવી, હીરલ વગેરે નામો શુદ્ધ તેમ જ મિશ્ર પ્રાકૃતના સ્વરૂપોમાં દૃગ્ગોચર થાય છે.

જે નામોને અંતે સિંહ, પાલ, દેવી કે વતી શબ્દ આવે છે તે બહુધા તત્સમ સ્વરૂપ જાળવી રહ્યાં છે; દા૦ ત૦, પદ્મસિંહ, વિજયસિંહ, સમરસિંહ, નાગપાલ, વીરપાલ, ધનપાલ, લૂણદેવિ, પદ્મવતી. પણ ક્યારેક આવાં નામોના પૂર્વે આવેલ સ્વરૂપ વિકૃત પણ થયા છે; દા૦ ત૦ પાસદેવ, માતૃરાદેવી, સિંગારદેવી, સહજલદેવી, સીવસીહ અને લખમ(લક્ષ્મણ)સીહ પણ આવાં જ વિકૃત તત્સમો છે. અહીં તદ્‌ભવ નામો 'લ' (દા૦ ત૦, કાકલ, આસલ, કુજલ, હીરલ), 'ક' (દેદાક, ઉક્ષણાક). આ (સાંગા, રતના), 'ભા' (રવીભા, ભીમાભા), તા (જયતા), 'ડ' (પાસડ, સોહડ),[૧૨] 'ણ' (સાંગણ, વકણ, વીલૂણ), 'ણિ' (વાવિણિ), 'ઉ' કે 'ઊ' (દેકુ, રાજૂ), 'મ' (વીરમ) વગેરે પ્રત્યયો લઈ રૂપવિધાન સાધતાં જણાય છે.

૧૨ ડૉ૦ કત્રે 'ડ' અંતવાળા નામો બહુધા શક કે ગુર્જર જાતિવાચક હોવાનું સૂચવે છે. ડૉ૦ સાંકળિયા તેમના મતને અનુમોદન આપતાં જણાવે છે કે પ્રાગ્વાટ, ઓસવાલ તેમ જ ધરકર્કટ જૈનોમાં તે સામાન્ય હોય છે. વિખ્યાત પેથડશાહ રાજસ્થાનની ગૂર્જર જાતિમાંથી ઊતરી આવ્યા હતા. ગૂર્જરો મધ્ય એશિયામાંથી પ્રથમ પંજાબમાં સ્થિર થયા અને તે પછી ઉત્તરોત્તર તેઓએ રાજસ્થાન અને ઉત્તર ગુજરાતમાં સ્થળાંતર કર્યું. સોલંકી સમય દરમ્યાન તેઓની રાજ્યમાં અમલદારો તરીકે નિયુક્તિ થતી તેથી તેઓ ખૂબ પ્રતિષ્ઠા ને મહત્તા પામ્યા હતા. ગુજરાતના પ્રદેશને ગુજરાતનામાભિધાન અર્પણ કરવામાં તેઓનો ફાળો મહદ્ અંશે હોવાનું ઘણા વિદ્વાનો સ્વીકારે છે. આ પરદેશી જાતિએ ભારતમાં સ્થિર થયા પછી ભારતના ઇતર ધર્મોની માફક જૈન ધર્મને પણ અંગીકાર કર્યો હોવાનો સંભવ છે. (ડૉ૦ સાંકળિયાઃ સ્ટડીઝ ઇન હિસ્ટોરિકલ ઍન્ડ કલ્ચરલ જ્યોગ્રાફી ઍન્ડ ઇથ્નોગ્રાફી ઑફ ગુજરાત (૧૯૪૯, પૂના), પૃ૦ ૧૪૦ તથા 'ઓરિજિન ઑફ ગુજરાત' જર્નલ ઑફ ગુજરાત રિસર્ચ સોસાયટી, ૧૯૪૬, પૃષ્ઠ ૮૨–૮૭.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org